**GUJARAT BILL NO. 23 OF 2023.**

# THE GUJARAT LOCAL AUTHORITIES LAWS (AMENDMENT) BILL, 2023.

## *A BILL*

*further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949, the Gujarat Municipalities Act, 1963 and the Gujarat Panchayats Act, 1993.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૩.**

# ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩.

## ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૪૯નો મુંબઇનો ૫૯મો.

**સન ૧૯૪૯ના મુંબઇના ૫૯મા અધિનિયમની કલમ ૫-નો સુધારો.**

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯માં, કલમ ૫-માં, પેટા-કલમ (૬)માં,-

(૧) "બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો" એ શબ્દોને બદલે, "બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો" એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે.".

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

3. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩-માં, કલમ ૬-માં, પેટા-કલમ (૩)માં, ખંડ (ગ)માં,- સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૧) "બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો" એ શબ્દોને બદલે, "બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો" એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

"પરંતુ પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના ખંડ (ક)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.".

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, "પંચાયત અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૯-માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)માં,- સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(૧) "બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો" એ શબ્દોને બદલે, "બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો" એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

"પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત

વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના પેટા-ખંડ (૧)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

૫. પંચાયત અધિનિયમમાં, કલમ ૧૦-માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)માં,- સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

(૧) “બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો” એ શબ્દોને બદલે, “બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના પેટા-ખંડ (૧)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

૬. પંચાયત અધિનિયમમાં, કલમ ૧૧-માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)માં,- સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૧૧નો સુધારો.

(૧) “બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો” એ શબ્દોને બદલે, “બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત

વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો ઉપરના પેટા-ખંડ (૧)ની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.".

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૫૧નો સુધારો.

૭. પંચાયત અધિનિયમમાં, કલમ ૫૧-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક)માં,-

(૧) "હોદ્દાના દસ ટકા હોદ્દા" એ શબ્દોને બદલે, " હોદ્દાના સત્તાવીસ ટકા હોદ્દા" એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

"પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે હોદ્દાની કુલ સંખ્યાના એક દશાંશ હોદ્દા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવા જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો આ ખંડની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.".

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૬૩નો સુધારો.

૮. પંચાયત અધિનિયમમાં, કલમ ૬૩-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક)માં,-

(૧) "હોદ્દાના દસ ટકા હોદ્દા" એ શબ્દોને બદલે, "હોદ્દાના સત્તાવીસ ટકા હોદ્દા" એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

"પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે હોદ્દાની કુલ સંખ્યાના એક દશાંશ હોદ્દા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત

વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવા જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો આ ખંડની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

૯. પંચાયત અધિનિયમમાં, કલમ ૭૭-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક)માં,-

**સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૭૭નો સુધારો.**

(૧) “હોદ્દાના દસ ટકા હોદ્દા” એ શબ્દોને બદલે, “હોદ્દાના સત્તાવીસ ટકા હોદ્દા” એ શબ્દો મૂકવા;

(૨) નીચેના પરંતુકો ઉમેરવા:-

“પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટેની ઉપલભ્ય અનામત, બેઠકોની કુલ સંખ્યાની પચાસ ટકા કુલ અનામતને અધીન રહેશે:

વધુમાં તેમ છતાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના વર્ગની વ્યક્તિઓની વસ્તી, કુલ વસ્તીના ચાળીસ ટકાથી વધુ હોય, ત્યારે હોદ્દાની કુલ સંખ્યાના એક દશાંશ હોદ્દા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવા જોઇશે અને આવા વર્ગો માટેની બેઠકો આ ખંડની જોગવાઇઓ અનુસાર અનામત રાખવાની રહેશે.”.

## ઉદ્દેશો અને કારણો

પ્રસ્તુત વિધેયકથી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની અમુક જોગવાઇઓ, સંબંધિત અધિનિયમોમાં સમાવિષ્ટ અમુક બાબતોના સંબંધમાં એકરૂપતા લાવવા માટે અને સ્થાનિક મંડળોના વહીવટને સરળ કરવા માટે સુધારવા ધાર્યું છે.

(૨૦૧૦) ૭ એસસીસી ૨૦૨ માં નોંધાયેલ, કે. ક્રિષ્ણમુર્તિ (ડો.) અને અન્ય વિરુદ્ધ ભારતીય સંઘ અને અન્ય, (૨૦૨૧) ૬ એસસીસી ૭૩માં નોંધાયેલ, વિકાસ ક્રિષ્ણરાવ ગાવલી વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય, ૨૦૨૨ એસસીસી ઓનલાઇન એસસી ૫૮૯માં નોંધાયેલ, સુરેશ મહાજન વિરુદ્ધ મધ્ય પ્રદેશ રાજ્ય અને અન્ય-ના કેસોમાં નામદાર ભારતીય સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર અને સુરેશ મહાજન વિરુદ્ધ મધ્યપ્રદેશ રાજ્ય અને અન્ય-ના કેસમાં સન ૨૦૨૨ ની રીટ અરજી ક્રમાંક ૨૭૮માં તા. ૧૮મી મે, ૨૦૨૨ ના નિર્ણય અનુસાર, ગુજરાત રાજ્ય-એ, તા. ૮મી જુલાઇ, ૨૦૨૨ ના ઠરાવથી, "ગુજરાતના સ્થાનિક મંડળોમાં અન્ય પછાત વર્ગોના અનામત માટેના સમર્પિત આયોગ" ના અધ્યક્ષ તરીકે ઓરિસ્સા હાઇકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયાધીશ, ન્યાયાધીશ કે.એસ.ઝવેરીની નિમણૂક કરી હતી. ગ્રામ્ય અને શહેરી સ્થાનિક મંડળો માટે અન્ય પછાત વર્ગોનું પ્રમાણ અને અન્ય પછાત વર્ગો માટેની અનામતની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ દ્વારા તદનુસાર ભલામણ કરવામાં આવી છે.

આ સંબંધમાં, સમર્પિત આયોગે રજૂ કરેલા અહેવાલના વધુ અભ્યાસ માટે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા કેબિનેટ પેટા-સમિતિની રચના કરવામાં આવી હતી. સદરહુ સમિતિએ પોતાની ભલામણો રજૂ કરેલી છે અને ઉપરની ભલામણો સંબંધિત, કેબિનેટ દ્વારા લેવાયેલ નિર્ણય અનુસાર, સ્થાનિક સ્વ-રાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગોની બેઠકો અને હોદ્દા માટે જરૂરી જોગવાઇઓ કરવા માટે, સંબંધિત અધિનિયમોમાં અમુક માત્રામાં સુધારા કરવા માટે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૫-માં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬માં અને અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો ૯, ૧૦, ૧૧, ૫૧, ૬૩ અને ૭૭માં સુધારા કરવાના રહે છે.

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**ઋષિકેશ પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

**કલમ ૧.**- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૧મી સપ્ટેમ્બર,૨૦૨૩.** **ઋષિકેશ પટેલ.**

## પુરવણી

## ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇના ૫૯મા) માંથી ઉતારા

---

કોર્પોરેશનની રચના.

૫. (૧) થી (૫) XXX XXX XXX

(૬) દરેક કોર્પોરેશનમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, પછાતવર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે અને પછાતવર્ગો માટે એ રીતે અનામત રાખેલી બેઠકોની એક તૃતીયાંશ બેઠકો, પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઇશે.

(૭) અને (૮) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૪ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) માંથી ઉતારા

---

નગરપાલિકા ચૂંટાયેલા કાઉન્સિલરોની બનશે.

૬. (૧) અને (૨) XXX XXX XXX

(૩) કોઇ નગરપાલિકામાંના કાઉન્સિલરોની બેઠકોની કુલ સંખ્યામાંથી, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે નીચે પ્રમાણે બેઠકો અનામત રાખવી જોઇશે:-

(ક) અને (ખ) XXX XXX XXX

(ગ) દરેક નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક-દશાંશ બેઠકો, પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઇશે. અને આવી રીતે પછાત વર્ગ માટે અનામત રાખેલી બેઠકોની એક તૃતિયાંશ બેઠકો, પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઇશે. આવી બેઠકો જુદા જુદા મતદાર મંડળોમાં ઠરાવેલી રીતે વારાફરતી ફાળવી શકાશે.

(ઘ) અને (ચ) XXX XXX XXX

(૪) થી (૮) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)માંથી ઉતારા

---

૯. (૧) થી (૪) XXX XXX XXX — ગામ પંચાયતોની રચના.

(૫) (ક) (૧) XXX XXX XXX

(૨) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, ગામમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસતી હોય ત્યારે, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે, ગ્રામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો, અનામત રાખવી જોઇએ અને આવી બેઠકો તે ગામમાંના, જુદા જુદા વોર્ડોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશન દ્વારા ફાળવવી જોઇશે.

(ખ) અને (ગ) XXX XXX XXX

**૧૦.** (૧) અને (૪) XXX XXX XXX — તાલુકા પંચાયતોની રચના.

(૫) (ક) (૧) XXX XXX XXX

(૨) રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો, અનામત રાખવી જોઇશે અને આવી બેઠકો તે તાલુકામાંના, જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે રાજ્ય ચૂંટણી કમિશનને વારાફરતી દ્વારા ફાળવવી જોઇશે.

(ખ) અને (ગ) XXX XXX XXX

(૬) XXX XXX XXX

**૧૧. (૧) અને (૪)** XXX XXX XXX — જિલ્લા પંચાયતોની રચના.

(૫) (ક) (૧) XXX XXX XXX

(૨) જિલ્લા પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે અનામત રાખવી જોઇશે. અને આવી બેઠકો તે જિલ્લામાંના, જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઇશે.

(ખ) અને (ગ) XXX XXX XXX

(૬) XXX XXX XXX

પંચાયતની પહેલી બેઠક અને ઉપસરપંચની ચૂંટણી.

**૫૧. (૧)** XXX XXX XXX

**(૨)** (ક) રાજ્યની તમામ ગ્રામ પંચાયતોના સરપંચના હોદ્દા, અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ**:- આ ખંડના હેતુઓ માટે, "ગ્રામ પંચાયત" એટલે ગ્રામ પંચાયત, જેનો સમગ્ર વિસ્તાર, અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(ખ) XXX XXX XXX

**(૩) થી (૮)** XXX XXX XXX

પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી.

**૬૩.** (૧) XXX XXX XXX

(૨) (ક) રાજ્યની તમામ તાલુકા પંચાયતના પ્રમુખના તમામ હોદ્દા, અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ**:- આ ખંડના હેતુઓ માટે "તાલુકા પંચાયત" એટલે તાલુકા પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર, અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(ખ) XXX XXX XXX

(૩) થી (૮) XXX XXX XXX

જિલ્લા પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી.

**૭૭.** (૧) XXX XXX XXX

(૨) (ક) રાજ્યની તમામ જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દા, અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ**:- આ ખંડના હેતુઓ માટે "જિલ્લા પંચાયત" એટલે જિલ્લા પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.

(ખ) XXX XXX XXX

(૩) થી (૮) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩.]

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ઋષિકેશ પટેલ.,
આરોગ્ય મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.